# આપનું સપ્તાહ કેવું જશે?

તા.૧૯/૧૦/૨૦૨૬ થી તા.૨૫/૧૦/૨૦૨૬ સુધી

લેખકઃ જ્યોતિષાચાર્ય હંસરાજ મો. નં.: 9825726442
E-mail : bharatjyotish03@yahoo.co.in

**મેષ (અ.લ.ઈ.)** ચાલુ વીકમાં કરિયરમાં પ્રગતિની તક મળે. નવી જવાબદારીથી પદપ્રાપ્તિ થતાં પ્રભાવ વધશે. પોતાની ક્ષમતા બતાવવાની તક મળે. વ્યવસાય માટે નવી તક મળે. નવા ધંધા-વેપાર માટે વડીલોનો સાથ મળે. નોકરીમાં ઉપરી વર્ગનો સાથ મળે. સમાજ અને જાહેર જીવનમાં યશ મળે. નવું શીખવામાં વિદ્યાર્થીઓને મદદ મળે. નવા રોકાણમાં ધીરજ રાખવી. કોર્ટ-કચેરીમાં કોઈની વાતોમાં આવવું નહીં. ખર્ચ પર કાબૂ રાખવો.

**વૃષભ (બ.વ.ઉ.)** ચાલુ વીકમાં સંબંધોમાં એકબીજાની ભાવનાને સમજવાથી મજબૂતાઈ આવે. બૌદ્ધિક લોકોને મળવાનું બને. ધાર્મિક પ્રવાસ જીવનસાથી અને મિત્રો સાથે થાય. વિદેશનાં કામ, ઉચ્ચ શિક્ષણ, કાયદા-કાનૂન, સમાજ અને જાહેર જીવનમાં યશ મળે. વેપાર-ધંધામાં આવક વધે. તેમજ નવી ભાગીદારી કે વ્યવસાયની યોજનામાં મદદ મળે. પ્રેમમાં ધીરજ રાખવી. નવા રોકાણમાં ધીરજ રાખવી.

**મિથુન (ક.છ.ઘ.)** ચાલુ વીકમાં સરકારી કામ બાબતે ચોક્કસ રહેવું. વધુ પડતા વિશ્વાસમાં રહેવું નહીં. કોઈ પણ કામ પ્લાનિંગપૂર્વક કરવું. ધાર્મિક સાહિત્ય, પ્રવાસ તથા વીમા-એજન્સીને લગતાં કામ પાર પડશે. ઉઘરાણી આવી શકે છે. આરોગ્ય બાબતે સાવધાની રાખવી. વડીલોની સલાહ માનવી. વારસાના કામમાં મદદ મળે. ઉચ્ચ શિક્ષણમાં પ્રગતિ થાય. ભાગ્યનો સાથ મળે.

**કર્ક (ડ.હ.)** ચાલુ વીકમાં તમારા નવા વિચારો, ટેક્નોલોજીનું જ્ઞાન અને મહેનતથી નવા પ્રોજેક્ટના રસ્તા ખૂલશે. રોજના વેપાર-ધંધામાં આવક વધશે. રોજિંદી પ્રવૃત્તિમાં ઉત્સાહ જોવા મળે. સામાજિક કામમાં યશ મળે. ભાગીદારીને લગતાં કામ પાર પડે. ઉંમરલાયકને યોગ્ય પાત્ર મળે. વડીલો તરફથી સરપ્રાઇઝ મળી શકે. ઉઘરાણી આવે. સરકારી કામમાં મદદ મળે. ધાર્મિક પ્રવાસ થાય. વિદેશનાં કામમાં ગતિ આવે.

**સિંહ (મ.ટ.)** કામકાજમાં દબાણ રહેશે, માટે વીક દરમિયાન ધીરજ અને પ્લાનિંગથી કામ કરવું. નાનો લાભ લેવાની લાલચમાં, ખાસ કરીને સરકારી નોકરીયાતે, આવવું નહીં. હિતશત્રુઓ રાહ જોઈને બેઠા છે. માતાના આરોગ્યના ખર્ચા સતાવે. ગુપ્ત ભયના કારણે અશાંતિ સર્જાય. રોજનાં કામની ચિંતા રહે. દાંપત્યમાં ગરબડ રહે. ખાવા-પીવામાં સાવધાની રાખવી. કોર્ટ-કચેરીમાં મદદ મળશે.

**કન્યા (પ.ઠ.ણ.)** ચાલુ વીકમાં વિદ્યાર્થીઓને નવું શીખવા મળે તથા પરીક્ષા કે હરીફાઈમાં સફળતા મળે. હોશિયાર વિદ્યાર્થીઓનું નવું જ્ઞાન ઉપયોગી બને. નવા મિત્રો તરફથી મદદ મળે. પ્રેમમાં સાથ મળે. શેર, સટ્ટા, લોટરીમાં મદદથી નવાં રોકાણ લાભદાયક રહે. જીવનસાથી સાથે સામાજિક કાર્ય થાય. સરકારી નોકરીમાં નવી તક મળે. શત્રુઓની પીછેહઠ થાય. સમાજજીવનમાં અનુકૂળતાથી શાંતિ મળે.

**તુલા (ર.ત.)** સપ્તાહ દરમિયાન ઘર-પરિવારના નાના સભ્યો તેમજ મિત્રો વગેરેને મદદરૂપ બનવાનો મોકો મળશે. આરોગ્ય બાબતે ચોક્કસ ધ્યાન રાખવું. અધૂરાં કામ પાર પડે. વાહન, મકાન, વારસો વગેરેના કામમાં વડીલોનો સાથ મળે. નોકરીમાં નવી તક મળે. પ્રેમજીવનમાં મીઠાશ અને વિશ્વાસ વધશે. વિદ્યાર્થીઓને નવી ટેક્નોલોજીનો લાભ મળે. નવા મિત્રોથી સાવધાન રહેવું. નોકરીમાં ભાગ્યનો સાથ મળે. માતાની મદદ મળે.

**વૃશ્ચિક (ન.ય.)** સપ્તાહ દરમિયાન ઉત્સાહજનક પ્રગતિ થાય. આત્મવિશ્વાસ વધે તેવાં કામમાં મિત્રો, ભાઈ-બહેનોની મદદ મળે. શિક્ષણ, સાહિત્ય, લેખન, પ્રવાસ, ટેક્નોલોજી અને દલાલીને લગતાં કામ પાર પડે. ધાર્મિક પ્રવાસ થાય. નવા ફેરફારથી નોકરીમાં પ્રભાવ વધશે. નોકરી-ધંધાર્થે પ્રવાસ થાય. નવી નોકરીની યોજના પાર પડે. વડીલોની મદદથી સામાજિક કાર્ય પાર પડે. નવા રોકાણમાં ધીરજ રાખવી.

**ધન (ભ.ધ.ફ.ઢ.)** સપ્તાહ દરમિયાન વાણી, વ્યવહારકુશળતા અને વહીવટી કુનેહનો અનુભવ કામ આવે. પારિવારિક પ્રશ્નો હલ થાય. આવક વધે. નવા પ્રોજેક્ટનો ભાગ બનવાનું થાય. ઉઘરાણીની ચિંતા હળવી થાય. કૌટુંબિક જીવનમાં ધાર્મિક વાતાવરણથી શાંતિ મળે. પારિવારિક ધંધામાં આવક વધે. મિત્રો સાથે મનોરંજન થાય. વાદવિવાદથી દૂર રહેવું. નવા ઘર બાબતે યોજના બને. નવા ફેરફારથી રાહત મળે.

**મકર (ખ.જ.)** સપ્તાહ દરમિયાન નવા ક્રિએટિવ વિચારોથી નવી તક મળે. સમાજમાં માન વધે. રોજનાં કામમાં આવક વધે તેમજ નવી તક મળે. નવા સામાજિક સંબંધો વિકસે. દાંપત્યજીવનમાં ઉત્સાહ રહે. ઘરમાં ધાર્મિક વાતાવરણ રહે. પ્રવાસના ધંધામાં આવક વધશે. ઉઘરાણીની ચિંતા સતાવશે. શિક્ષણમાં પ્રગતિ થાય. દલાલીનાં કામમાં આવક વધે. મિત્રોની મદદ મળે.

**કુંભ (ગ.સ.શ.ષ.)** ચાલુ વીકમાં વાણી પર કાબૂ રાખવો અને સરકારી કામમાં સાવધાની રાખવી. કોઈની વાતોમાં આવીને દસ્તાવેજી બાબતે સહી-સિક્કા કરવામાં ઉતાવળ કરવી નહીં. પોતાના કામમાં સતર્ક રહેવું. ઘરમાં ચાલતાં કામકાજ બાબતે સાવધાન રહેવું. ધાર્મિક પ્રવાસ થાય. નોકરીમાં નવી તક મળે. આરોગ્યની કાળજી અનિવાર્ય રહેશે. ઉંમરલાયકને યોગ્ય પાત્ર મળે. પ્રેમલગ્નની યોજનામાં વિઘ્નો આવે. આર્થિક બાબતે ચોક્કસ નિર્ણય લેવાય.

**મીન (દ.ચ.ઝ.થ.)** સપ્તાહ દરમિયાન વિજાતીય મિત્રો સાથે ગેરસમજ થઈ શકે છે. પ્રેમમાં વિશ્વાસ વધે, પણ તાલમેલ ઓછો થાય. ઈર્ષાળુ મિત્રોથી નુકસાન થાય. નવા રોકાણમાં ધીરજ રાખવી. વિદ્યાર્થીઓ માટે અનુકૂળતા વધશે. નવા સંબંધોમાં સાવધાની રાખવી. કોર્ટ-કચેરીમાં ખાસ સાવધાની રાખવી. વિશ્વાસઘાત થઈ શકે છે. ગુપ્ત શત્રુઓ અને સંતાનોની સમસ્યાઓ સતાવશે. વિવાહલાયકને યોગ્ય પાત્ર મળે.

# C.J.P. પ્રણેતા અભિજિત દીપકેને દેશની જનતાનો સાથ કેમ મળે છે?

**દેશની** તમામ પ્રજા, અબાલવૃદ્ધ, સ્ત્રી-પુરુષ વગેરેને અભિજીતમાં વિશ્વાસ છે. તેનું કારણ કુટુંબસ્થાનમાં સૂર્ય-બુધ-શુક્રનો નીચભંગ રાજયોગ છે



અભિજીત દીપકેની પ્રાપ્ત કુંડળી સિંહ લગ્નની, મઘા નક્ષત્રના ચોથા ચરણમાં, ગંડાંતયુક્ત લગ્નમાં છે, જે જ્યોતિષના નિયમ પ્રમાણે કોઈ અદ્ભુત કાર્ય કરવા અને પોતાનાં કર્મોનું સાર્થક્ય, સંઘર્ષ અને ન્યાયની લડાઈ માટે લડવા માટે જન્મ્યા હોવાનો સંકેત આપે છે. સામાન્ય રીતે ગંડાંત દોષમાં જન્મનારનાં પૂર્વનાં ચોક્કસ કર્મો હોય છે, જે કાં તો તેમને સામાન્ય માણસ બનાવીને ગુમરાહ જીવન જીવવા મજબૂર કરે છે, અથવા પછી પોતાનાં કામ, વિચારો, લડાઈ, સંઘર્ષ અને જનહિતની વાતોથી જાહેર જીવનમાં ચમકવા માંડે છે અને કરોડો લોકોના વિશ્વાસનું કારણ બને છે.

તેમની સિંહ લગ્નની કુંડળીમાં બીજા કુટુંબસ્થાનમાં કન્યા રાશિમાં લગ્નેશ સૂર્ય, કર્મેશ શુક્ર અને લાભેશ બુધનો અદ્ભુત આકર્ષણયોગ થાય છે. બીજો ભાવ રાષ્ટ્રીય કુટુંબ અને લોકસુમેળની ભાવનાને પ્રબળ કરનાર બને છે. આ ત્રણ ગ્રહોની યુતિ વિવિધ કોમો, જાતિઓ અને ધર્મો વચ્ચેની એકસૂત્રતાને મજબૂત કરે છે. દેશની તમામ પ્રજા, અબાલવૃદ્ધ, સ્ત્રી-પુરુષ વગેરેને અભિજીતમાં વિશ્વાસ છે. તેનું કારણ કુટુંબસ્થાનમાં સૂર્ય-બુધ-શુક્રનો નીચભંગ રાજયોગ છે.

સામાન્ય રીતે સૂર્ય-બુધની યુતિમાં બુધનું સ્વતંત્ર ફળ ત્યારે જ મળે છે, જ્યારે સૂર્ય કરતાં બુધના અંશ વધારે હોય અને બુધ સૂર્યથી આગળ હોય. માટે જ જૂન 2010થી જૂન 2027 સુધીની બુધની મહાદશામાં સાતમે રાશિયોગ કરતાં અને ન્યાયના દેવ તથા આમજનતાનું પ્રતિનિધિત્વ કરતા શનિની અંતર્દશા, જે 15-06-2027 સુધીની છે, તેમાં 23-04-2026થી 14-07-2026 સુધી ગજકેસરીયોગ કરતાં ચંદ્રની અંતર્દશામાં અચાનક લાઇવ કે જાહેર જીવનમાં ચમકવાનું બન્યું છે.

તેમની કુંડળીમાં જનતાના હૃદય સમાન ચોથા સ્થાનમાં ગુરુ-ચંદ્રનો ગજકેસરીયોગ છે, જે બંને શનિના અનુરાધા નક્ષત્રમાં કરે છે. આ એક અદ્ભુત શુભ યોગ છે, જે નેતૃત્વ અને સાહસનું સંયોજન સમાન શક્તિ આપે છે. આવા જાતકોમાં જન્મજાત નેતૃત્વશક્તિ હોય છે અને તેઓ જનસમુદાયના વિશ્વાસના પ્રતીક સમાન ઊભરી આવે છે. આ યોગ જાહેર જીવનમાં લોકપ્રિયતાના શિખર પર લઈ જાય છે.

જ્યોતિષના નિયમ પ્રમાણે પ્રથમ, ચોથા, સાતમા અને દસમા ભાવમાં આ યોગનું અતિશુભ ફળ મળે છે. અભિજીત દીપકેની કુંડળીમાં ગજકેસરીયોગ ચોથા ભાવમાં થાય છે. ચોથું સ્થાન ચારિત્ર્ય અને મનમાં રહેલા વિચારોનું છે. **જો કોઈ વ્યક્તિની કુંડળીમાં આ યોગ શુભ બને, તો લોકોના મનમાં તેવી વ્યક્તિ માટે આદર અને સન્માન પેદા થાય છે. આવા જાતકો લોકોના હૃદયમાં સ્થાન પ્રાપ્ત કરે છે અને લોકોને તેમના પર આંધળો વિશ્વાસ પેદા થાય છે.**

ઘણા કિસ્સામાં લોકોને મૂર્ખ બનાવીને લૂંટતા કે વિશ્વાસઘાત કરતા લોકોની કુંડળીમાં પણ આ યોગ જોવા મળે છે. જો તે અશુભ બને અને છઠ્ઠા, આઠમા કે બારમા ભાવમાં હોય, તો ઘણા લોકોના વિશ્વાસ સાથે ખેલવાડ કરતા લોકો પણ જોવા મળ્યા છે.

જોકે, અભિજીતની કુંડળીમાં શુભ સ્થાનમાં, શનિના નક્ષત્રમાં અને શનિની દૃષ્ટિમાં આ યોગ થાય છે. શનિ ગુરુના નક્ષત્રમાં છે. આ અતિશુભ કહેવાય, કારણ કે ગુરુ-શનિ-ચંદ્રનો નક્ષત્ર પરિવર્તનયોગ થાય છે. માટે તેઓ બને ત્યાં સુધી લોકોની ભાવના સાથે ખેલવાડ કરવાની ભૂલ નહીં કરે.

ગજકેસરીયોગ જાતકને આશાવાદી, ભાવનાત્મક રીતે સ્થિર અને અપાર માનસિક શક્તિ આપે છે. હાથી અને સિંહની જેમ ગમે તેવી વિપરીત પરિસ્થિતિમાં આવા લોકો વિચલિત થતા નથી. વિપરીત સ્થિતિમાંથી સહીસલામત બહાર નીકળવાની તેમનામાં કુદરતી શક્તિ હોય છે અને મોટા ભાગે આવા જાતકોને કોઈ ને કોઈ દેવીની કૃપા પ્રાપ્ત થતી રહે છે.

ગુરુની બારમા ભાવ પર ઉચ્ચ દૃષ્ટિ છે અને ચંદ્ર બારમા ભાવનો માલિક થઈને ચોથા ભાવમાં છે. ગુરુ પાંચમા અને આઠમા ભાવનો પણ માલિક છે. મોટા ભાગે આવા જાતકો માટે દૈવી કૃપા અથવા અચાનક ચમત્કારની વાત સહજ હોય છે. કોઈ ઈશ્વરીય શક્તિનો સાથ તેમને અવશ્ય હોય છે. આ જ્યોતિષનો નિયમ છે.

માટે જ એક સામાન્ય પૃષ્ઠભૂમિમાંથી આવતા એક સામાન્ય યુવાનની પડખે અચાનક ભારત જેવા વિવિધ જાતિ, ધર્મ અને ભેદભાવમાં રાચતી રાજનીતિથી કલુષિત થયેલી જનતા તમામ ભેદભાવના વાડા તોડીને ઊભી રહી ગઈ છે. **C.J.P.ના આંદોલનમાં ધર્મ-જાતિ વગેરેનું વાતાવરણ જોવા મળતું નથી. આ એક ચમત્કાર છે.**

અભિજીત દીપકેની કુંડળીમાં એક અદ્ભુત અને ખૂબ જ ઓછા લોકોની કુંડળીમાં જોવા મળતો યોગ એટલે ત્રીજા સ્થાનમાં તુલા રાશિમાં થતો મંગળ-રાહુનો અંગારકયોગ છે. જ્યોતિષના નિયમ પ્રમાણે આવા યોગવાળા જાતકોની દેવો પણ ઈર્ષ્યા કરતા હોય છે. મંગળ-રાહુના યોગને જેટલો અશુભ માનવામાં આવે છે, એટલો જ તે શુભ પણ બને છે.

મહાત્મા ગાંધીની કુંડળીમાં તુલાનો મંગળ કર્મસ્થાનમાં રહેલા રાહુ સાથે કેન્દ્રયોગ કરતો હતો. ડૉ. આંબેડકરની કુંડળીમાં વૃષભમાં મંગળ-રાહુનો યોગ હતો. કાંશીરામની કુંડળીમાં મીન રાશિમાં મંગળ-રાહુનો યોગ હતો. માયાવતીની કુંડળીમાં વૃશ્ચિક રાશિમાં મંગળ-રાહુનો યોગ છે. ઇન્દિરા ગાંધીની કુંડળીમાં રાહુનો કેન્દ્રયોગ હતો.

આ યોગવાળા જાતકો ક્રોધી, આક્રમક અને લડાયક હોય છે, એટલા જ શાંત, સમતોલ, સ્વસ્થ અને વિચારશીલ પણ હોય છે. તેઓ વ્યવસ્થિત રીતે વિચાર કરનાર, શાણા અને ડાહ્યા હોય છે. માટે આવા જાતકોની દેવો-દેવતાઓ પણ ઈર્ષ્યા કરે છે. આવા જાતકોને ચમત્કારિક મદદ મળતી રહે છે.

નિયમ પ્રમાણે ભાગ્યમાં કેતુ અને આઠમા ભાવ સાથે સંબંધ ધરાવતા શુક્રવાળાને દેવીકૃપાના આશીર્વાદ મળતા રહે છે. અભિજીત દીપકેની કુંડળીમાં આ યોગ છે. માટે ભારતની દરેક ધર્મની પ્રજાનો વિશ્વાસ પ્રાપ્ત થયો છે. **શુક્ર, બુધ અને ચંદ્રના કારણે દેશની કરોડરજ્જુ સમાન સ્ત્રીવર્ગનો સૌથી મહત્ત્વનો સાથ તેમને મળ્યો છે અને મળતો રહેશે.**

હાલ દેશમાં પરિવર્તન અને ક્રાંતિનો સમય ચાલી રહ્યો છે. આવા મહત્ત્વના સમયમાં આ યુવાન ઊભરી આવ્યો છે, તે એક ચમત્કાર છે. નફરતની રાજનીતિ પર પાણી ફેરવીને જનતામાં નવી ક્રાંતિ જગાડનાર અભિજીતનું ભવિષ્ય ઉજ્જવળ છે, સાથે ભયંકર યાતના અને ત્રાસનું પણ છે. જેલમાં જવાના યોગ પણ થાય છે.

**તેમની કુંડળીમાં જનતાના હૃદય સમાન ચોથા સ્થાનમાં ગુરુ-ચંદ્રનો ગજકેસરીયોગ છે, જે બંને શનિના અનુરાધા નક્ષત્રમાં કરે છે. આ એક અદ્ભુત શુભ યોગ છે, જે નેતૃત્વ અને સાહસનું સંયોજન સમાન શક્તિ આપે છે**

# કરજણ નદી પર નબળો પુલ બનાવનાર કોન્ટ્રાક્ટર સામે ગુનો

**જવાબદાર** અધિકારીઓ સામે પણ શિસ્તભંગની કાર્યવાહીનો સીએમ ભૂપેન્દ્ર પટેલનો આદેશ

**૨૦૨૦માં** ૧૦.૭૧ કરોડના બ્રિજના એક પાયામાં ખામી બહાર આવી

ગાંધીનગર : 'જે કહેવું તે કરવું'ના રાજકીય સંદેશને અમલમાં મૂકતાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જાહેર બાંધકામોની ગુણવત્તા અને સલામતીના મુદ્દે કડક વલણ અપનાવ્યું છે. નર્મદા જિલ્લાના રાજપીપળા-રામગઢ (નવાગામ) માર્ગ પર કરજણ નદી ઉપર બનેલા બ્રિજમાં ગંભીર ગુણવત્તાકીય ક્ષતિઓ સામે આવતાં બાંધકામ કરનાર કોન્ટ્રાક્ટર સામે ફોજદારી ફરિયાદ નોંધાવવાની કાર્યવાહી કરવામાં આવી છે. માર્ગ અને મકાન વિભાગે સુરતની મેસર્સ રોયલ ઈન્ફ્રા એન્જિનિયરિંગ પ્રા. લિ. સામે રાજપીપળા પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર નોંધાવી છે. સાથે જ બાંધકામની નબળી કામગીરી અને સંભવિત બેદરકારી માટે જવાબદાર અધિકારીઓ તથા કર્મચારીઓ સામે પણ કડક પગલાં લેવાના આદેશ આપવામાં આવ્યા છે. રાજપીપળા અને રામગઢ આસપાસના વિસ્તારો માટે મહત્ત્વપૂર્ણ એવા આ બ્રિજનું કામ વર્ષ ૨૦૧૮-૧૯માં રૂ. ૧૦.૭૧ કરોડના ટેન્ડરથી કોન્ટ્રાક્ટરને સોંપવામાં આવ્યું હતું. બાંધકામની કામગીરી ૧૪ ઓગસ્ટ, ૨૦૨૦ના રોજ પૂર્ણ થઈ હતી. જોકે, વિભાગીય ચકાસણી દરમિયાન બ્રિજનો એક પાયો બેસી જવાની ખામી ધ્યાનમાં આવી હતી. ત્યારબાદ ક્વોલિટી કંટ્રોલ વિભાગ દ્વારા સમગ્ર બ્રિજનું પરીક્ષણ અને નિરીક્ષણ કરાતાં અન્ય ભાગોમાં પણ ક્ષતિઓ હોવાનું સામે આવ્યું હતું. તપાસમાં બ્રિજ વાહનવ્યવહાર માટે યોગ્ય અને સલામત ન હોવાનું જણાતાં તેના પરથી વાહનવ્યવહાર બંધ કરવો પડ્યો હતો. જાહેર નાણાંથી બનેલા અને સ્થાનિક લોકો માટે મહત્ત્વ ધરાવતા બાંધકામમાં આવી ગંભીર ખામીઓ સામે આવતાં કોન્ટ્રાક્ટર સામે કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કોન્ટ્રાક્ટર અને તેના પ્રતિનિધિઓ સામે લાગુ પડતી કાયદાકીય જોગવાઈઓ હેઠળ ફોજદારી કાર્યવાહી કરવા સૂચના આપી હતી. આ ઉપરાંત, બાંધકામની નબળી ગુણવત્તા અને સંબંધિત બેદરકારી માટે જવાબદાર અધિકારીઓ સામે ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧ હેઠળ કાર્યવાહી હાથ ધરવા પણ આદેશ અપાયો છે.

# હર્ષ સંઘવી જાપાન-કોરિયામાં ઉદ્યોગકારો સાથે બેઠક કરશે

**વાઇબ્રન્ટ** સમિટ પહેલા ઓસાકા, કોબે, ટોક્યો, ડેગુ અને સિયોલમાં વૈશ્વિક કંપનીઓ સાથે ચર્ચા કરશે

ગાંધીનગર : આગામી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૭ પહેલાં ગુજરાતમાં વિદેશી રોકાણ આકર્ષવા રાજ્ય સરકારે આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રયાસો તેજ કર્યા છે. આ અભિયાનના ભાગરૂપે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી જાપાન અને દક્ષિણ કોરિયાના સત્તાવાર પ્રવાસે રવાના થયા છે. પ્રવાસ દરમિયાન બંને દેશોના અગ્રણી ઉદ્યોગગૃહો, વૈશ્વિક કંપનીઓના વડાઓ અને રોકાણકારો સાથે બેઠકો યોજી ગુજરાતમાં ઉદ્યોગો સ્થાપવા, નવા રોકાણ પ્રસ્તાવો મેળવવા અને ઔદ્યોગિક સહયોગ વધારવા પર ભાર મૂકવામાં આવશે.

હર્ષ સંઘવીના નેતૃત્વ હેઠળના પ્રતિનિધિમંડળમાં રાજ્ય સરકારનાં વરિષ્ઠ મહિલા આઈએએસ અધિકારી મમતા વર્મા સહિતના ઉચ્ચ અધિકારીઓ અને ગુજરાતનાં અગ્રણી ઉદ્યોગગૃહોના પ્રતિનિધિઓનો સમાવેશ થાય છે.

આ પ્રતિનિધિમંડળ જાપાનનાં ઓસાકા, કોબે અને ટોક્યો તથા દક્ષિણ કોરિયાનાં ડેગુ અને સિયોલ શહેરોની મુલાકાત લેશે. વિવિધ બેઠકોમાં ગુજરાતની ઔદ્યોગિક ક્ષમતા, રોકાણ માટેની અનુકૂળતાઓ અને નવા પ્રોજેક્ટ્સની સંભાવનાઓ રજૂ કરવામાં આવશે.

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ આગામી ૧૦થી ૧૨ જાન્યુઆરી, ૨૦૨૭ દરમિયાન ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે યોજાવાની છે. સમિટ પહેલાં વિદેશી રોકાણકારો સાથે સીધો સંપર્ક વધારીને ગુજરાતને વૈશ્વિક કંપનીઓ માટે રોકાણના પસંદગીના સ્થળ તરીકે સ્થાપિત કરવાનો રાજ્ય સરકારનો પ્રયાસ છે. જાપાન અને દક્ષિણ કોરિયાની કંપનીઓ સાથેની ચર્ચાઓમાં નવા ઔદ્યોગિક પ્રોજેક્ટ્સ, લાંબા ગાળાના વ્યાપારી સંબંધો અને રોજગારીની તકો ઊભી કરવાની સંભાવનાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

આ પ્રવાસ દરમિયાન યોજાનારી બેઠકોમાંથી કેટલા નક્કર રોકાણ પ્રસ્તાવો અને ઔદ્યોગિક ભાગીદારીના માર્ગ ખૂલે છે તેના પર ઉદ્યોગજગતની નજર રહેશે. સમિટ પહેલાંના આ પ્રયાસો ગુજરાતના આગામી ઔદ્યોગિક વિકાસ અને વૈશ્વિક રોકાણકારો સાથેના સંબંધોને નવી દિશા આપી શકે છે.

# મધ્યપ્રદેશનો કુખ્યાત ચોર કઠલાલમાં પેઇન્ટર બની છુપાયો

**મધ્યપ્રદેશના** ભીંડમાં ૧૧ ઘરફોડ ચોરીના ગુનામાં વોન્ટેડ આરોપી કઠલાલમાંથી ઝડપાયો

અમદાવાદ : અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચે મધ્યપ્રદેશમાં ઘરફોડ ચોરીના ૧૧ ગુનામાં છેલ્લા ત્રણ વર્ષથી ફરાર અને ઇનામી આરોપીને ખેડા જિલ્લાના કઠલાલમાંથી ઝડપી પાડ્યો છે. મધ્યપ્રદેશના ભીંડ જિલ્લાના મેહગાંવ વિસ્તારનો રહેવાસી રણવીરસિંહ અમરસિંહ ઉત્તમસિંહ રાઠોડ (ઉંમર ૪૦) ગુના આચર્યા બાદ ગુજરાતમાં આવી અલગ-અલગ શહેરોમાં રહેતો હતો અને ઓળખ છુપાવવા માટે પેઇન્ટર તરીકે છૂટક કામ કરતો હતો. ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીદારોની મદદથી ક્રાઇમ બ્રાન્ચે તેને ઝડપી પાડી મધ્યપ્રદેશના ૧૧ ઘરફોડ ચોરીના ગુનાઓનો ભેદ ઉકેલ્યો છે.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આરોપી મધ્યપ્રદેશમાં વિવિધ પોલીસ મથક વિસ્તારોમાં ચોરી, ઘરફોડ ચોરી, હથિયારધારા સહિતના ગુનાઓમાં સંડોવાયેલો રહ્યો છે. ભીંડ જિલ્લાના દેહાત પોલીસ મથકમાં વર્ષ ૨૦૨૩ દરમિયાન નોંધાયેલા ૧૧ ઘરફોડ ચોરીના ગુનાઓમાં તે ફરાર હતો. તેને ઝડપી પાડવા માટે ભીંડના પોલીસ અધિક્ષક દ્વારા ઇનામ પણ જાહેર કરવામાં આવ્યું હતું.

ત્રણ વર્ષથી પોલીસને હાથતાળી આપતો આરોપી ગુજરાતમાં અલગ-અલગ સ્થળોએ રહીને પેઇન્ટરનું કામ કરતો હતો. અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચે તેના વિશે મળેલી ટેકનિકલ અને માનવ બાતમીના આધારે નજર રાખી તેને ઝડપી પાડ્યો હતો. આરોપી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે અને તેને મધ્યપ્રદેશ પોલીસને સોંપવાની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. પકડાયેલા આરોપી સામે મધ્યપ્રદેશમાં અગાઉ પણ ચોરી, લૂંટ, હથિયારધારા અને મારામારી સહિતના અનેક ગુનાઓ નોંધાયેલા હોવાનું પોલીસની માહિતીમાં સામે આવ્યું છે.

વર્ષ ૨૦૧૫થી ૨૦૨૧ દરમિયાન મેહગાંવ, બરસો અને રૌન-ભીંડ પોલીસ મથકોમાં તેની સામે વિવિધ ગુનાઓ નોંધાયા હતા. તેમાં ચોરી, હથિયાર રાખવા, લૂંટ તથા અન્ય ગુનાહિત પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે.

# અમદાવાદ એરપોર્ટ પર પ્રવાસી પાસે ૨.૧ કિલો ગાંજો મળ્યો

**વિયેતનામથી** આવેલા પ્રવાસીની બેગમાંથી વેક્યુમ કરેલા સાત પેકેટ મળ્યા, બેની ધરપકડ

**વિદેશમાં** બેઠેલા કેટલાક લોકોના ઇશારે શખ્સે મુસાફરીની વ્યવસ્થા કરવામાં સંકલન કર્યું હતું

અમદાવાદ : વિદેશથી ડ્રગ્સની હેરાફેરીના પ્રયાસને અમદાવાદ એરપોર્ટ પર નિષ્ફળ બનાવતાં કસ્ટમ્સ વિભાગે વિયેતનામના હો ચી મિન્હ સિટીથી આવેલા એક પ્રવાસીની બેગમાંથી શંકાસ્પદ ગાંજાના ૨.૧ કિલોથી વધુ જથ્થા સાથે બે શખ્સોની ધરપકડ કરી છે. અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય હવાઈમથક પર ૧૭ ઑક્ટોબરે પહોંચેલી ફ્લાઇટના પ્રવાસીઓની પ્રોફાઈલિંગ દરમિયાન એર ઈન્ટેલિજન્સ યુનિટે એક પ્રવાસીને અટકાવ્યો હતો. તેની કાળી હેન્ડબેગની તપાસમાં વેક્યૂમ સીલ કરેલાં સાત પેકેટમાંથી લીલા રંગનો શંકાસ્પદ પદાર્થ મળી આવ્યો હતો. પેકિંગ સહિત આ જથ્થાનું કુલ વજન આશરે ૨,૧૧૭ ગ્રામ નોંધાયું હતું. અમદાવાદ કસ્ટમ્સના અધિકારીઓએ બેગમાંથી મળેલા પદાર્થની પ્રાથમિક તપાસ માટે એફએસએલની મદદ લીધી હતી. અમદાવાદ એફએસએલના વૈજ્ઞાનિક અધિકારી દ્વારા કરવામાં આવેલી પ્રાથમિક તપાસમાં સાતેય પેકેટમાં ગાંજાના સક્રિય ઘટકો હોવાના સંકેત મળ્યા હતા. ત્યારબાદ નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સિસ (એનડીપીએસ) અધિનિયમ, ૧૯૮૫ની સંબંધિત જોગવાઈઓ હેઠળ શંકાસ્પદ જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. આ કેસની તપાસ દરમિયાન એરપોર્ટ પર પ્રવાસીને લેવા આવેલા અન્ય એક શખ્સની ઓળખ કરવામાં આવી હતી. તપાસમાં પ્રાથમિક રીતે એવું બહાર આવ્યું હોવાનું જણાવાયું છે કે વિદેશમાં બેઠેલા કેટલાક લોકોના ઈશારે આ શખ્સે પ્રવાસીની મુસાફરીની વ્યવસ્થા કરવામાં સંકલન કર્યું હતું અને તેને લેવા એરપોર્ટ પર પહોંચ્યો હતો. તપાસ દરમિયાન મળેલી વોટ્સએપ ચેટ્સમાં મુસાફરીની વ્યવસ્થા અને સામાન અંગેના સંવાદો પણ મળી આવ્યા હોવાનું જણાવાયું છે. આ કેસમાં પ્રવાસી અને તેને લેવા આવેલા શખ્સ એમ બંનેની ધરપકડ કરવામાં આવી છે. ડ્રગ્સની હેરાફેરી પાછળ વિદેશમાં બેઠેલા લોકોની ભૂમિકા શું હતી, જથ્થો કોના માટે લાવવામાં આવ્યો હતો અને આ નેટવર્કમાં અન્ય કોઈની સંડોવણી છે કે કેમ તે સહિતના મુદ્દે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## અનુસંધાન... પાના પહેલાનું

### માસિક ધર્મ સ્વચ્છતા :...

કોર્ટનો ચુકાદો માત્ર કાગળ પર જ રહેશે, તો આ મૂળભૂત અધિકારનો અમલ કેવી રીતે થશે? સુપ્રીમ કોર્ટે 30 જાન્યુઆરીના રોજ પોતાના મહત્વપૂર્ણ ચુકાદામાં સ્પષ્ટ કર્યું હતું કે કલમ 21 હેઠળ જીવન જીવવાના અધિકારમાં માસિક ધર્મ સ્વાસ્થ્યના અધિકારનો પણ સમાવેશ થાય છે.

સુનાવણી દરમિયાન કેન્દ્ર સરકાર તરફથી હાજર રહેલા એડિશનલ સોલિસિટર જનરલ ઐશ્વર્યા ભાટીએ કોર્ટને જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો સાથે આ મુદ્દા પર ગંભીરતાથી કામ કર્યું છે, પરંતુ હજુ સુધી રાજ્યો તરફથી કોઈ પ્રતિસાદ મળ્યો નથી. પીઠે નોંધ્યું કે દૂરના વિસ્તારોમાં માસિક ધર્મ સ્વચ્છતાના અભાવે અભ્યાસ છોડી દેતી નાની બાળકીઓના હિતમાં આ દેશવ્યાપી ચુકાદો આપવામાં આવ્યો હતો. સર્વોચ્ચ અદાલતે કેન્દ્ર સરકારને દરેક રાજ્ય પાસેથી લેખિત માહિતી મંગાવવા આદેશ આપ્યો છે અને ચેતવણી આપી છે કે જો આગામી 14 ડિસેમ્બરની સુનાવણી સુધીમાં કોઈ રાજ્ય જવાબ નહીં આપે તો સંબંધિત મુખ્ય સચિવ સામે અદાલતી અવમાનનાની નોટિસ ફટકારવામાં આવશે.

### પાકિસ્તાને ભારતીય...

(પીસીએએ)ના 2022 ના દસ્તાવેજ મુજબ, પાકિસ્તાનનું એરસ્પેસ બે ફ્લાઇટ ઇન્ફોર્મેશન રીઝન (એફઆઈઆર) - કરાચી અને લાહોરમાં વિભાજિત છે. આ નવું નોટામ કરાચી અને લાહોર બંને એફઆઈઆરને લાગુ પડે છે.

જમ્મુ અને કાશ્મીરના કેન્દ્રશાસિત પ્રદેશમાં એપ્રિલ 2025ના પહેલગામ આતંકવાદી હુમલા પછી ભારત અને પાકિસ્તાને એકબીજાના વિમાનો પર પારસ્પરિક એરસ્પેસ પ્રતિબંધો લાદ્યા હતા.

### રશિયાને ગ્રેહામ...

રશિયન તેલ અને ગેસના ટોચના પાંચ ખરીદદારો (જેમાં ચીન અને ભારત પણ સામેલ છે) પરના ૧૦૦ ટકા ટેરિફમાંથી પણ મુક્તિ આપવામાં આવી છે. રશિયા પરના પ્રતિબંધો ઉઠાવી લેવાના ટ્રમ્પના નિર્ણયની રિપબ્લિકન અને ડેમોક્રેટ્સ બંને પક્ષો દ્વારા ભારે ટીકા કરવામાં આવી હતી, જેમણે ગયા મહિને એકસાથે આવીને ભારે બહુમતીથી 'લિન્ડસે ઓ ગ્રેહામ સેંક્શનિંગ રશિયા એન્ડ ઈરાન એક્ટ' પસાર કર્યો હતો.

દરમ્યાન, અમેરીકી વિદેશ મંત્રી માર્કો રુબિઓએ જણાવ્યું છે કે રશિયા પરના પ્રતિબંધો અને ભારત સહિત અન્ય દેશો પરના ટેરિફમાંથી આપવામાં આવેલી મુક્તિ, આ પગલાંની વૈશ્વિક અસરનું વિશ્લેષણ કરવા માટેનો 60-દિવસેનો વિરામ છે. ગ્રેહામ એક્ટ હેઠળ ટ્રમ્પ દ્વારા આપવામાં આવેલી મુક્તિ અંગેના પ્રશ્નના જવાબમાં રુબિઓએ કહ્યું, મને લાગે છે કે રાષ્ટ્રપતિ 60 દિવસનો સમયગાળો એ વિશ્લેષણ કરવા માટે લેવા માંગે છે કે પ્રતિબંધો અને ટેરિફ બંને લાદવાથી વૈશ્વિક અર્થતંત્ર અને અમેરિકી અર્થતંત્ર પર શું અસર પડશે.

### દેશમાં ચાલુ...

ઓક્ટોબરે બહાર પાડવામાં આવેલા આ ટેન્ડરમાં નવેમ્બરથી શરૂ થતા પુરવઠા વર્ષ માટે પેટ્રોલમાં ૨૦ ટકા ઈથેનોલ ભેળવવાની જરૂરિયાત પૂરી કરવા માટે આશરે ૧૧ અબજ લિટર ઈથેનોલ માટે બોલીઓ મંગાવવામાં આવી છે. તેમાં મકાઈ આધારિત ઈથેનોલ માટેના પ્રોત્સાહનને પણ ઘટાડવામાં આવ્યું છે, જેનાથી ખરીદ કિંમત લિટર દીઠ રૂ. ૭૧.૮૬ થી ઘટીને રૂ. ૬૮.૮૬ થઈ ગઈ છે. ટેન્ડર દસ્તાવેજમાં જણાવવામાં આવ્યું છે કે, ભારત સરકારે નિર્દેશો આપ્યા છે કે ઈથેનોલ સપ્લાય વર્ષ ૨૦૨૬-૨૭ માટે ઈથેનોલ માટે ખાંડનું ડાયવર્ઝ ઘટાડીને શૂન્ય કરવામાં આવે. દસ્તાવેજમાં વધુમાં ઉમેરવામાં આવ્યું છે કે, આ જથ્થાની બોલી વાળા ટેન્ડરમાં શેરડીના રસ, ખાંડ કે ખાંડની સીરપ અને B-હેવી મોલાસીસમાંથી ઉત્પાદિત ઈથેનોલ માટે કોઈ ઑફર મંગાવવામાં આવી નથી.

દસ્તાવેજ અનુસાર, ટેન્ડરમાં મકાઈ, તૂટેલા ચોખા, ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા(FCI) દ્વારા ખરીદવામાં આવેલા વધારાના ચોખા અને C-હેવી મોલાસીસમાંથી ઉત્પાદિત ઈથેનોલ માટે બોલી લગાવવાની મંજૂરી આપવામાં આવી છે. મકાઈ પરનું પ્રોત્સાહન લિટર દીઠ રૂ. ૫.૭૯ થી ઘટાડીને રૂ. ૨.૭૯ કરવાથી અનાજમાંથી ઈથેનોલ સપ્લાય કરતા ઉત્પાદકો માટે વળતર ઘટવાની ધારણા છે, ભલે ખાંડ-આધારિત કાચા માલની બાકાતી અન્ય વૈકલ્પિક કાચા માલનું મહત્વ વધારે છે. મહારાષ્ટ્ર અને કર્ણાટક સહિતના મુખ્ય ખાંડ ઉત્પાદક રાજ્યોમાં નબળા વરસાદને કારણે ઓછું ઉત્પાદન થવાના જોખમને લીધે સ્થાનિક સ્તરે ખાંડની ઉપલબ્ધતા અને વધતા ભાવ અંગેની ચિંતાઓ વચ્ચે આ પગલું લેવામાં આવ્યું છે.

### એચ-1બી...

વાન્સે ભારપૂર્વક જણાવ્યું હતું કે તેમનો વિરોધ એ વીઝા વ્યવસ્થા સામે હતો જે એમ્પ્લોયર્સને વિદેશી કર્મચારીઓ પર વધુ પડતી સત્તા આપે છે, જેના કારણે કર્મચારીઓને તેમના મૂળ દેશમાં પરત મોકલી શકાય છે અને તેમની સાથે 'ગિરમિટિયા મજૂર' જેવો વ્યવહાર કરી શકાય છે. એક ભારતીય ઈમિગ્રન્ટ(જે પાંચ વર્ષ પહેલાં યુએસ નાગરિક બન્યા હતા અને જેમણે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને વોટ આપ્યો હતો)ના પ્રશ્નના જવાબમાં વાન્સે કહ્યું, 'હું કહીશ કે, જે હદ સુધી મારી ભાષા અહીં ત્રુટિપૂર્ણ રહી છે, તે મારી જવાબદારી છે.' ઉપરાષ્ટ્રપ્રમુખે જણાવ્યું કે તેમની ટિપ્પણીઓ 'H-1B ધારકની ટીકા નથી.'

તેમણે કહ્યું, 'આ એ વીઝા વ્યવસ્થાની ટીકા છે જે લોકોને અસરકારક રીતે ગિરમિટિયા મજૂર તરીકે ગણવાની મંજૂરી આપે છે, જેમને તેમના મૂળ દેશમાં પાછા મોકલી શકાય છે.' તેમણે વિદેશી વ્યાવસાયિકોનું સ્વાગત કરવા અને અમેરિકન કામદારોનું રક્ષણ કરવા વચ્ચે સંતુલન જાળવવાની હાકલ કરતી વખતે તેમના દક્ષિણ ભારતીય સાસુ-સસરાનો પણ ઉલ્લેખ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે વાન્સના પત્ની, ઉષા વાન્સ, ભારતીય ઈમિગ્રન્ટ્સની પુત્રી છે.

### વૈશ્વિક નાણાકીય...

જણાવ્યું હતું કે, 'દાવોઃ 'પાકિસ્તાન 74 વર્ષ પછી વૈશ્વિક નાણાંના મુખ્ય મંચ પર પાછું ફરી રહ્યું છે!' વાસ્તવિકતાઃ પાકિસ્તાન 2027માં IMF-વર્લ્ડ બેંકની વાર્ષિક પ્લેનરીનું અધ્યક્ષપદ સંભાળશે. આ અધ્યક્ષપદ સંપૂર્ણપણે ઔપચારિક છે અને વાર્ષિક ધોરણે બદલાય છેઃ આ વર્ષે પરાગ્વે, 2025માં કેપ વર્ડે. આ પ્રોટોકોલ છે, સત્તા નથી.'

પાકિસ્તાનના આર્થિક બાબતોના મંત્રાલયે શુક્રવારે જણાવ્યું હતું કે, પાકિસ્તાનને 2027 માટે આંતરરાષ્ટ્રીય મુદ્રા કોષ(IMF) અને વર્લ્ડ બેંક ગ્રુપ(WBG)ના બોર્ડ ઓફ ગવર્નર્સના આગામી અધ્યક્ષ તરીકે નામાંકિત કરવામાં આવ્યું છે, જે 1953 પછી પહેલીવાર આ પદ પર પાછું ફર્યું છે. બેંક ઓફ વર્લ્ડના પાકિસ્તાનના ગવર્નર અને આર્થિક બાબતોના મંત્રી અહમદ ખાન ચીમાને બેંગકોકમાં WBG-IMF વાર્ષિક બેઠકોના પૂર્ણ સત્ર દરમિયાન આગામી અધ્યક્ષ તરીકે સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યા હતા. પાકિસ્તાનના મંત્રાલયે આ ઘટનાવિકાસને 'ઐતિહાસિક સીમાચિહ્ન' ગણાવતા જણાવ્યું હતું કે આ અધ્યક્ષપદ ઈસ્લામાબાદને વૈશ્વિક આર્થિક અને વિકાસ ચર્ચાઓમાં યોગદાન આપવા અને સભ્ય દેશો વચ્ચે રચનાત્મક સંવાદને સુવિધાજનક બનાવવા માટે તક પૂરી પાડશે.

### શ્રીનગર જતી બસ...

અબ્દુલ્લાએ તેમના સત્તાવાર એક્સ હેન્ડલ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, જે-કે સરકાર પ્રભાવિત મુસાફરોની સાથે છે અને સ્થિતિ પર નજીકથી નજર રાખી રહી છે.

કરનાલ રેન્જના પોલીસ મહાનિરીક્ષક અશ્વિન શેનવીએ જણાવ્યું હતું કે, આ ઘટના શનિવારે રાત્રે આશરે ૧૧:૩૦ વાગ્યે કરનાલના ડિવાઈન સ્ટાર ઢાબાના પાર્કિંગ વિસ્તારમાં બની હતી.

શેનવીના જણાવ્યા અનુસાર, બે યુવકો કારમાં ઘટનાસ્થળ પર આવ્યા હતા. દિલ્હીથી શ્રીનગર જતી બસ પણ ઢાબાના પાર્કિંગ વિસ્તારમાં રોકાઈ હતી.

કારને રિવર્સ લેતી વખતે અને આગળ વધવાનો પ્રયાસ કરતી વખતે આ યુવકોની કારે બસને ટક્કર મારી હતી, જેના કારણે ઉગ્ર બોલાચાલી થઈ હતી જે શારીરિક ઝઘડામાં ફેરવાઈ ગઈ હતી. પોલીસે જણાવ્યું હતું કે, કેટલાક બસ મુસાફરો અને ઢાબાના કર્મચારીઓ પણ આ ઘર્ષણમાં જોડાયા હતા.

ઝઘડા દરમિયાન, બે યુવકોએ કથિત રીતે બસ પર પથ્થરમારો કર્યો હતો, જેના કારણે તેની બારીના કાચ તૂટી ગયા હતા અને વાહનની અંદરની બેઠકોને નુકસાન થયું હતું.

શેનવીએ જણાવ્યું હતું કે, એક મુસાફર અને ઢાબાના કર્મચારીને ઈજાઓ થઈ છે.